RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 12 * Issue No. 28 *Date: 20.11.2025,Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# રાહુલ ગાંધીના ચૂંટણી પંચના આક્ષેપો સામે ૨૭૨ નાગરિકોનો પત્ર




તા.૧૯

૧૬ પૂર્વ જજ, ૧૨૩ નિવૃત્ત અમલદારો (જેમાં ૧૪ પૂર્વ રાજદૂત પણ સામેલ છે) અને ૧૩૩ નિવૃત્ત સૈન્ય અધિકારીઓ સહિત દેશના ૨૭૨ પ્રતિષ્ઠિત નાગરિકોએ એક પત્ર જાહેર કર્યો છે. આ પત્રમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસ પાર્ટી પર બંધારણીય સંસ્થાઓને નિશાન બનાવવાનો આરોપ મૂકવામાં આવ્યો છે અને તેમની આકરા શબ્દોમાં નિંદા કરી છે.

બંધારણીય સંસ્થાઓને નિશાન બનાવવાનો આરોપ

પત્રમાં એવો આરોપ મૂકવામાં આવ્યો છે કે, 'સૈન્ય દળો, ન્યાયપાલિકા અને સંસદ પર સવાલો ઉઠાવ્યા પછી, હવે ચૂંટણી પંચ ને નિશાન બનાવવામાં આવી રહ્યું છે. વરિષ્ઠ નાગરિકોએ લખ્યું કે, વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ વારંવાર ઈવીએમ પર વોટ ચોરીમાં સામેલ થવાનો આરોપ લગાવ્યો છે. તેમણે 'પરમાણુ બોમ્બ' જેવી ભાષા વાપરી અને અહીં સુધી કહ્યું કે આયોગ દેશદ્રોહ કરી રહ્યું છે. જોકે, આ ગંભીર દાવાઓના સમર્થનમાં કોઈ ઔપચારિક ફરિયાદ કે શપથપત્ર રજૂ કરવામાં આવ્યું નથી.' એક ક્રોધનું કારણ ચૂંટણીમાં થયેલી હાર

પત્ર મુજબ, પુરાવા વિનાના આ આરોપો એક ક્રોધનું સ્વરૂપ છે. આ ગુસ્સો વારંવારની ચૂંટણીમાં થયેલી હાર અને જનતાથી વધતા અંતરને કારણે ઉદ્ભવ્યો છે. પત્રમાં વધુમાં કહેવાયું છે કે, 'કેટલાક રાજકીય પક્ષો વિશ્લેષણના સ્થાને નાટકીયતાને પ્રાધાન્ય આપી રહ્યા છે અને જાહેર સેવાને બદલે રાજકીય તમાશો કરી રહ્યા છે.

દેશની આ પ્રતિષ્ઠિત હસ્તીઓએ પત્રમાં લખ્યું કે, 'જ્યારે વિપક્ષ શાસિત રાજ્યમાં ચૂંટણી પંચના પરિણામો વિપક્ષની તરફેણમાં આવે છે, ત્યારે તેની આલોચના થતી નથી. જોકે, જ્યારે પરિણામો તેમની વિરુદ્ધ આવે છે, ત્યારે આયોગને દરેક કથાનો ખલનાયક બનાવી દેવામાં આવે છે. આ નાગરિકોને તેમની આ પસંદગીયુક્ત નારાજગી, રાજકીય તકવાદના ઉદાહરણ સમાન લાગી.'

નિષ્પક્ષતા અને સખતાઈ પર ભાર

આ પત્રમાં, ટી.એન. શેષન અને એન. ગોપાલસ્વામી જેવા પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનરોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પત્રમાં જણાવાયું છે કે, 'તેમણે લોકપ્રિયતા કે હેડલાઈન્સની ચિંતા કર્યા વિના નિષ્પક્ષતા અને સખતાઈથી નિયમોનું પાલન કરાવ્યું હતું. વરિષ્ઠ નાગરિકોના મતે, ભારતની સંસ્થાઓને રાજકીય હુમલાઓનું નિશાન ન બનાવવી જોઈએ, કારણ કે આ જ પરંપરા દેશને મજબૂત બનાવે છે.'

ચૂંટણી પંચને પારદર્શિતા જાળવવાની અપીલ

વરિષ્ઠ નાગરિકોએ ચૂંટણી પંચને વિનંતી કરી છે કે તેણે પારદર્શિતા જાળવી રાખવી, તમામ આંકડા જાહેર કરવા અને જરૂર જણાય તો કાનૂની માધ્યમો દ્વારા પોતાનો બચાવ કરવો જોઈએ. તે જ સમયે, રાજકીય પક્ષોને પણ આગ્રહ કરવામાં આવ્યો છે કે તેઓ 'પુરાવા વિનાના આરોપો' લગાવવાનું છોડીને નીતિગત વિકલ્પો અને દેશ માટે એક નક્કર દ્રષ્ટિકોણ રજૂ કરે.

રાહુલ ગાંધીના ચૂંટણી પંચના આક્ષેપો સામે ૨૭૨ નાગરિકોનો પત્ર, કહ્યું - બંધારણીય સંસ્થાઓ સામેના આરોપ ખોટા

આ પત્રના સમાપનમાં, દેશની વરિષ્ઠ હસ્તીઓએ ભારતીય સેના, ન્યાયપાલિકા, કાર્યપાલિકા અને વિશેષ રૂપે ચૂંટણી પંચમાં પોતાનો અતૂટ વિશ્વાસ વ્યક્ત કર્યો છે. તેમણે એવું પણ જણાવ્યું કે ભારતનું લોકતંત્ર મજબૂત છે. હવે સમયની માંગ છે કે રાજકારણ નાટકીયતાને છોડીને સત્ય, વિચાર અને સેવાના આધારે આગળ વધે.

# હાર બાદ RJDની મીટિંગમાં ભાવુક થયા તેજસ્વી યાદવ



તા.૧૯

નવીદિલ્હી,

લાલુ પ્રસાદ યાદવની પાર્ટી આરજેડી માટે બિહાર વિધાનસભા ચૂંટણીમાં મળેલી હાર સ્વીકારવી મુશ્કેલ બની રહી છે. જોકે તેમના પુત્ર તેજસ્વી યાદવની ફરીથી આરજેડી ધારાસભ્ય દળના નેતા તરીકે વરણી થઈ છે, તેમ છતાં પાર્ટીમાં પરિસ્થિતિ સામાન્ય જણાતી નથી. સોમવારે ધારાસભ્ય દળની બેઠક દરમિયાન તેજસ્વી યાદવ ભાવુક થઈ ગયા હતા, જ્યાં તેમણે પોતાની તરફથી એવું પણ સૂચન કર્યું કે જો ધારાસભ્યો ઈચ્છે તો તેઓ નેતૃત્વ છોડવા તૈયાર છે. તેમણે કહ્યું કે ધારાસભ્યોની સલાહ હોય તો તેઓ તેમના નેતા તરીકે કોઈ અન્ય વ્યક્તિને પસંદ કરી શકે છે. સાથી ધારાસભ્યોને સંબોધતા તેમણે સ્પષ્ટ કર્યું કે જો તેમને લાગે કે તેમના સ્થાને કોઈ બીજું વ્યક્તિ આવવાથી સંગઠન વધુ મજબૂત બની શકે છે, તો તેઓ આવું કરી શકે છે.

મીડિયા રિપોર્ટ અનુસાર, એક ધારાસભ્યએ જણાવ્યું કે તેજસ્વી યાદવ ટિકિટની વહેંચણી અને હાર માટે લાગેલા આરોપોથી ખૂબ દુઃખી હતા. બેઠક દરમિયાન, તેમણે નિરાશા વ્યક્ત કરતા પૂછ્યું કે, 'આખરે હું શું કરું? મારે પરિવારની કાળજી લેવી કે પછી પાર્ટીની?' એવું લાગે છે કે બહેન રોહિણી આચાર્યએ લગાવેલા આરોપોને કારણે તેજસ્વી યાદવ હાલમાં દબાણ હેઠળ છે. જોકે, તેમણે આ અંગે હજુ સુધી જાહેરમાં કોઈ નિવેદન આપ્યું નથી. તેમના સલાહકાર અને નજીકના ગણાતા સંજય યાદવ અને રમીઝ નેમત ખાન પર પણ એવા આરોપો છે કે તેજસ્વી યાદવ માત્ર તેમની જ વાત સાંભળે છે અને આ કારણે તે પાર્ટીના કાર્યકર્તાઓથી વિખૂટા પડી ગયા છે. તેજસ્વી યાદવ દ્વારા અચાનક મૂકવામાં આવેલી આ દરખાસ્તને કારણે બેઠકનો માહોલ ભાવુક બની ગયો. ત્યાં હાજર તમામ ધારાસભ્યોએ તેમને આગ્રહ કર્યો કે તે પોતે જ તેમના નેતા બની રહે. આ પરિસ્થિતિમાં ખુદ લાલુ યાદવે હસ્તક્ષેપ કર્યો અને ધારાસભ્યોને તેજસ્વીને મનાવવા માટે કહ્યું. અંતે, તમામ ધારાસભ્યોએ સર્વસંમતિથી તેજસ્વી યાદવને તેમના નેતા તરીકે ફરીથી ચૂંટી લીધા. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન રાબડી દેવી, મીસા ભારતી અને તેજસ્વી યાદવના નજીકના સંજય યાદવ પણ ત્યાં હાજર હતા. ઉલ્લેખનીય છે કે મીસા ભારતી પણ અસંતુષ્ટ હોવાનું કહેવાય છે, પરંતુ તે જાહેરમાં કંઈ કહી રહ્યા નથી. વાસ્તવિકતા એ છે કે આરજેડીએ આ ચૂંટણીમાં ૧૪૩ બેઠકો પર ઉમેદવારી કરી હોવા છતાં તેને માત્ર ૨૫ બેઠકો મળી છે. આ પરિણામોને કારણે તે ત્રીજા નંબરનો પક્ષ બની ગઈ છે, જે પાર્ટી માટે એક મોટો આંચકો ગણાય છે.

### છ મહિના દરમિયાન ત્રણ બાળકોને શ્વાનોએ ફાડી ખાધા

# રાજકોટ શહેરમાં ૧૪,૧૦૬ લોકો શ્વાનના હુમલાનું ભોગ બન્યા



તા.૧૯

રાજકોટ,

રાજકોટમાં રખડતાં શ્વાનોએ હાહાકાર મચાવ્યો છે. મળેલી માહિતી પ્રમાણે રાજકોટ શહેરમાં છેલ્લા ૧૦ મહિનામાં ૧૪૧૦૬ લોકોને રખડતા શ્વાને બચકાં ભર્યા છે. સુપ્રીમ કોર્ટની ટકોર પછી પણ કોર્પોરેશન રખડતા શ્વાનની સમસ્યાને હલ કરી શક્યું નથી.

શહેરમાં રખડતા શ્વાનોને લઈને લોકોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. માહિતી મુજબ, રાજકોટ શહેરમાં એવરેજ ૪૬ લોકો દરરોજ શ્વાનના બચકાંના શિકાર બને છે. છેલ્લા ૧૦ મહિનાના આંકડા જોવામાં આવે તો, રાજકોટ શહેરમાં ૧૪,૧૦૬ લોકો શ્વાનના હુમલાનું ભોગ બન્યા, જ્યારે રાજકોટ જિલ્લામાં કુલ ૮,૨૪૨ લોકોને બચકા ભરવાના કેસ નોંધાયા છે.

વિશેષ ચિંતાનો વિષય છે કે છેલ્લા છ મહિના દરમિયાન ત્રણ બાળકોને શ્વાનોએ ફાડી ખાધા છે, જેનાથી લોકોમાં ભય જોવા મળી રહ્યો છે. રાજકોટ શહેર ઉપરાંત કોટડા, સાંગાણી, ધોરાજી, જેતપુર, લોધિકા અને રાજકોટ તાલુકામાં રોજના સરેરાશ ૨૨ શ્વાન હુમલાના કેસો નોંધાયા છે. રાજકોટ કોર્પોરેશન દ્વારા શ્વાન પકડવા માટે ૨.૭૦ કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ અપાયો હોવા છતાં શહેરમાં રખડતા શ્વાનોનો આતંક યથાવત છે. લોકો ઘરની બહાર નિકળે ત્યારે ભય જોવા મળે છે. રખડતા શ્વાનોની સમસ્યા માટે કોર્પોરેશન ઝડપથી કાર્યવાહી કરે તેવી લોકોએ માગ કરી છે.

### એક દિવસના બાળકને અમદાવાદ લઈ જવાતું હતું

# શામળાજી હાઈવે પર રાણાસૈયદ ચોકડી નજીક અકસ્માત સર્જાયો

**ખાનગી હોસ્પિટલની એમ્બ્યુલન્સમાં ભીષણ આગ લાગવાના કારણે ૪ વ્યક્તિઓના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં**

તા.૧૯

અરવલ્લી, તા.૧૮

અરવલ્લી જિલ્લાના મોડાસા-શામળાજી હાઈવે પર રાણાસૈયદ ચોકડી નજીક એક અત્યંત કરુણ અને ગોઝારો અકસ્માત સર્જાયો છે, જેમાં ખાનગી હોસ્પિટલની એમ્બ્યુલન્સ રસ્તા પર ચાલતી વખતે અચાનક આગની લપેટમાં આવી જતાં ચાર વ્યક્તિઓના જીવતા ભડથું થવાના કારણે મોત નીપજ્યાં છે. આ ઘટનાએ સમગ્ર રાજ્યમાં સન્નાટો ફેલાવી દીધો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મોડાસાની એક ખાનગી હોસ્પિટલની એમ્બ્યુલન્સમાં એક દિવસના નવજાત બાળકને વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવામાં આવી રહ્યું હતું. એમ્બ્યુલન્સમાં બાળક, ડૉક્ટર, નર્સ અને બાળકના સંબંધી સહિત કુલ છ લોકો સવાર હતા.

રાણાસૈયદ ચોકડી પાસે એમ્બ્યુલન્સમાં અચાનક ભીષણ આગ લાગી હતી. આગ લાગતાની સાથે જ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. એમ્બ્યુલન્સના આગળના ભાગમાં બેઠેલા ચાલક અને બાળકના સંબંધી ગભરાહટ વચ્ચે સમયસર બહાર નીકળી જતાં તેમનો આબાદ બચાવ થયો હતો. જોકે, એમ્બ્યુલન્સના પાછળના ભાગે બેઠેલા ચાર વ્યક્તિઓ - ડૉક્ટર, નર્સ, માસૂમ બાળક અને અન્ય એક વ્યક્તિ (સંભવતઃ બાળકના માતા-પિતામાંથી કોઈ એક) સમયસર બહાર નીકળી ન શકતાં આગની લપેટમાં આવી ગયા હતા. આ ભયાનક અકસ્માતમાં ચારેય લોકોના ઘટનાસ્થળે જ જીવતા ભડથું થવાના કારણે કરૂણ મોત નીપજ્યાં હતાં. આગ એટલી ભીષણ હતી કે આંખના પલકારામાં આખી એમ્બ્યુલન્સ બળીને ખાખ થઈ ગઈ હતી.

આ ગમખ્વાર ઘટનાના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે, જેમાં રસ્તા પર ચાલતી એમ્બ્યુલન્સ અચાનક સળગવા લાગે છે અને ભીષણ આગના ગોળામાં ફેરવાઈ જાય છે. ઘટનાની જાણ થતા જ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી આગ લાગવાના ચોક્કસ કારણની તપાસ હાથ ધરી છે. આ દુર્ઘટનામાં પરિવાર અને હોસ્પિટલ સ્ટાફ પર આભ તૂટી પડ્યું છે.



# હિધરપુરા હીરા બજારમાં ફ્રીજ કમ્પ્રેસરમાં ભયાનક બ્લાસ્ટ

ટ્રેન્ડ ગુજરાત , તા.૧૯

સુરત,

સુરતના પ્રસિદ્ધ મહિધરપુરા હીરા બજાર વિસ્તારમાં આજે સવારે એક ભયાનક ઘટના સામે આવી છે, જેમાં એક મકાનમાં આગ લાગ્યા બાદ ફ્રીજના કમ્પ્રેસરમાં જોરદાર ધડાકો (બ્લાસ્ટ) થતા સમગ્ર



વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આ બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે આખી બિલ્ડીંગ ધ્રુજી ઉઠી હતી.પ્રાપ્ત માહિતી અનુસાર, હીરા બજાર વિસ્તારમાં આવેલા એક ગ્રાઉન્ડ પ્લસ ચાર માળના મકાનના ચોથા માળે આ ઘટના બની હતી. આ રૂમમાં જ્વેલરી પોલિશિંગનું કામ થતું હતું અને ત્યાં જ લોકો રહેતા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે રૂમમાં સિલિન્ડર લીકેજ થવાના કારણે પહેલા આગ લાગી હતી.આ આગ ધીમે ધીમે ફેલાઈ અને રૂમમાં મૂકાયેલા ફ્રીજના કમ્પ્રેસર સુધી પહોંચી હતી. આગની તીવ્રતાના કારણે કમ્પ્રેસર ગરમ થઈ જતાં તેમાં જોરદાર ગેસ બ્લાસ્ટ થયો હતો.ગેસ બ્લાસ્ટની આ ઘટનાનો લાઈવ વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં ધડાકાની ગંભીરતા સ્પષ્ટપણે જોઈ શકાય છે. ફાયર વિભાગની ટીમ આગ ઓલવવાની કામગીરી કરી રહી હતી તે દરમિયાન જ આ બ્લાસ્ટ થયો હતો.

# પુણામાં રૂપિયાની લેતીદેતીમાં યુવકને ટાઈલ્સના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દેવાયો

સુરત,

રાજ્યમાં જાણે ગુનાખોરી બેલગામ બની હોય તેમ ક્રાઈમ રેટ સતત વધી રહ્યો છે. તેમાં પણ 'ડાયમંડ સિટી' સુરત જાણે 'ક્રાઈમ કેપિટલ' બની રહ્યું હોય તેમ હત્યાના બનાવો સામાન્ય બની ગયા છે. શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં જ ત્રણ-ત્રણ હત્યાના બનાવો સામે આવતા પોલીસની કામગીરી પર ગંભીર સવાલો ઉભા થયા છે. ત્યારે સુરતના પુણા વિસ્તારમાં રૂપિયાની સામાન્ય લેતીદેતી જેવી બાબતે એક યુવકની ઘાતકી હત્યા કરી દેવામાં આવી છે.પ્રાપ્ત માહિતી અનુસાર સુરતના પુણા વિસ્તારમાં વિકી નામના શખ્સે લાલુ યાદવ (મૂળ બિહાર) નામના યુવક સાથે રૂપિયાની લેતીદેતી બાબતે બોલાચાલી કરી હતી. આ ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં વિકીએ આવેશમાં આવી જઈ લાલુ યાદવ પર હુમલો કર્યો હતો.

## તંત્રી સ્થાનેથી..

# વૈશ્વિક સોનામાં ફન્ડોની નીચા મથાળે લેવાલી: ઘરઆંગણે રેન્જ બાઉન્ડ સ્થિતિ

અમેરિકામાં ડોલરમાં મજબૂતાઈ તથા ઊંચા ફુગાવાને પરિણામે વ્યાજ દરમાં ઘટાડાની ઘટી રહેલી શકયતાને પરિણામે સોનાના વૈશ્વિક ભાવમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. મંગળવારે વૈશ્વિક સોનાએ ઈન્ટ્રાડેમાં ૪૦૦૦ ડોલરની સપાટી ગુમાવી હતી અને નીચામાં ૩૯૯૮.૦૮ ડોલર ભાવ જોવા મળ્યો હતો.

જો કે નીચા મથાળે ફન્ડ હાઉસોની લેવાલી નીકળતા ભાવ ફરી ઊંચકાયા હતા. સોના પાછળ ચાંદીમાં પણ ભાવ ૫૦ ડોલરની નીચે જોવા મળ્યા હતા. ટ્રમ્પના ટેરિફને કારણે અમેરિકામાં ફુગાવો ઊંચે જઈ રહ્યો હોવાના ચિહ્નો મળી રહ્યા છે માટે ફેડરલ રિઝર્વ ડિસેમ્બરની બેઠકમાં વ્યાજ દરમાં ઘટાડો નહી કરે તેવી ધારણાં મજબૂત બનતી જાય છે. અન્ય કિંમતી ધાતુ મક્કમ રહી હતી. અિમદાવાદ ચાંદી રૂપિયા ૨૦૦૦ જ્યારે સોનુ રૂપિયા ૧૦૦૦ તૂટી ગયુ હતું. સ્થાનિકમાં સોનાચાંદીમાં રેન્જબાઉન્ડ સ્થિતિ જોવા મળી રહી છે. પૂરવઠામાં સ્થિરતાને પગલે ક્રુડ તેલના ભાવમાં ટકેલુ વાતાવરણ જોવા મળ્યું હતું.

ઘરઆંગણે મુંબઈ ઝવેરી બજારમાં ૯૯.૯૦ દસ ગ્રામ સોનાના જીએસટી વગરના ભાવ રૂપિયા ૭૦૦થી વધુ ઘટી રૂપિયા ૧,૨૨,૧૮૦ મુકાતા હતા. ૯૯.૫૦ દસ ગ્રામ સોનાના ભાવ રૂપિયા ૧,૨૧,૬૯૧ બોલાતા હતા. જીએસટી સાથે ભાવ ત્રણ ટકા ઊંચા મુકાતા હતા. ચાંદી .૯૯૯ એક કિલો રૂપિયા ૧૨૦૦ ઘટી જીએસટી વગર રૂપિયા ૧,૫૩,૭૦૬ બોલાતી હતી. જીએસટી સાથે ભાવ ત્રણ ટકા ઊંચા મુકાતા હતા.

# કોંગોના કોલવેઝી એરપોર્ટ પર એક સરકારી મંત્રીનું વિમાન લેન્ડ કરતી વખતે દુર્ઘટનાગ્રસ્ત થયું

નવી દિલ્હી,

કોંગોના કોલવેઝી એરપોર્ટ પર એક સરકારી મંત્રીનું વિમાન લેન્ડ કરતી વખતે દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ દુ:ખદ ઘટનાનો વીડિયો ઘણો વાઈરલ થઈ રહ્યો છે, જેમાં વિમાન રનવે પર ઉતરતાની સાથે જ આગના ગોળામાં ફેરવાઈ જતું દેખાય છે.

મીડિયા રિપોર્ટ અનુસાર, આ અકસ્માત સમયે વિમાનમાં દેશના ખનન મંત્રી લુઈસ વાટમ કાબામ્બા તેમજ ટોચના અધિકારીઓનું એક પ્રતિનિધિમંડળ સવાર હતું. આ ઉડાનનું સંચાલન એરજેટ અંગોલા દ્વારા કરવામાં આવતું હતું અને આગ લાગેલું વિમાન એમ્બ્રેયર ઈઆરજે-૧૪૫એલઆર (રજિસ્ટ્રેશન ઙ૨-છન્નમ) હતું.

વિમાને કિંશાસાથી લુઆલાબા પ્રાંતના કોલવેઝી માટે ઉડાન ભરી હતી. સોમવારના રોજ, કોલવેઝીના રનવે ૨૯ પર પ્લેન ઉતર્યું ત્યારે તેના પાછળના ભાગમાં આગ લાગી ગઈ હતી. આ ઘટનાના રૂંવાડા ઊભા કરી દેનારા વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે.

મંત્રીના સંચાર સલાહકાર, ઈસાક ન્યેમ્બોએ આ વાતની પુષ્ટિ કરી હતી કે લુઆલાબા પ્રાંતના કોલવેઝી એરપોર્ટ પર લેન્ડ કરતી વખતે વિમાન રનવે પરથી ઉતરી ગયું હતું.

જોકે, રાહતની વાત એ છે કે આ દુર્ઘટનામાં મુસાફરો કે ક્રૂના કોઈ પણ સભ્યનું મૃત્યુ થયું નથી.

માહિતી મુજબ, આગ લાગવાને કારણે આખું જેટ વિમાન નષ્ટ થઈ ગયું છે. હાલમાં, તપાસકર્તાઓ એ જાણકારી મેળવી રહ્યા છે કે આ અકસ્માત પાછળના સંભવિત કારણો શું હોઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, મંત્રી કોલવેઝી નજીકની કાલોન્ડો ખાણની મુલાકાત લેવાના હતા, જ્યાં ૧૫ નવેમ્બરના રોજ ભારે વરસાદને કારણે પુલ તૂટી જતાં ડઝનબંધ શ્રમિકોનાં મોત થયાં હતાં.

# તાઈવાન મુદ્દે જાપાનીઝ PMના નિવેદન બાદ બંને દેશો સામસામે



નવીદિલ્હી,

એશિયામાં ચીન અને જાપાન વચ્ચેનો તણાવ ખૂબ જ તીવ્ર બન્યો છે. આ તણાવનું મૂળ કારણ જાપાનના વડાપ્રધાન સનાએ તાકાઇચીનું નિવેદન છે, જેમાં તેમણે ચેતવણી આપી હતી કે જો ચીન તાઇવાન સામે સૈન્ય કાર્યવાહી કરે અથવા તો નાકાબંધી કરે, તો જાપાને પ્રતિક્રિયા આપવાની ફરજ પડશે. ચીને આ નિવેદનને સીધો પડકાર ગણીને અત્યંત આક્રમક પ્રતિક્રિયા આપી છે.વિવાદ ત્યારે વધુ વકર્યો જ્યારે ચીનના ઓસાકા કાઉન્સલ જનરલ શુએ જિયાનએ સોશિયલ મીડિયા પર વડાપ્રધાન તાકાઇચી વિરુદ્ધ હિંસક શબ્દો વાપર્યા. તેમણે તો ત્યાં સુધી લખ્યું કે તાકાઇચીનું 'ગંદુ માથું કાપી નાખવું જોઈએ.' જોકે આ પોસ્ટ પાછળથી હટાવી દેવામાં આવી, તેમ છતાં આ નિવેદને બંને દેશો વચ્ચેની સ્થિતિને વધુ ભડકાવી દીધી. આર્થિક પ્રતિશોધ ઉપરાંત, ચીને જાપાનને ખુલ્લી ધમકી આપી છે કે જો તે તાઈવાન સાથેના ચીનના એકીકરણના પ્રયાસમાં કોઈપણ પ્રકારનો હસ્તક્ષેપ કરશે, તો તેને હારનો સામનો કરવો પડશે.આ ધમકી બાદ, ચીને જાપાનની મુસાફરી માટે સેફ્ટી એડવાઇઝરી પણ બહાર પાડી. તેણે તેના નાગરિકોને જાપાન ન જવાની સલાહ આપી, કારણ કે ત્યાં ગંભીર સુરક્ષા જોખમો છે. આ ચેતવણીની જાપાનની અર્થવ્યવસ્થા પર ઝડપી અસર થઈ. તેના પરિણામે, પર્યટન અને રિટેલ ક્ષેત્રની કંપનીઓના શેરમાં ઘટાડો જોવા મળ્યો. દર વર્ષે આશરે ૭૫ લાખ ચીની પ્રવાસીઓ જાપાનની મુલાકાત લેતા હોવાથી, ચીનની આ ચેતવણી ટોક્યો માટે એક મોટો આર્થિક આંચકો સાબિત થઈ છે.

તેમજ તણાવ માત્ર વાતચીત અને નિવેદનો સુધી જ સીમિત ન રહ્યો. ચીને વિવાદિત દીઆઓ-સેનકાકુ ટાપુઓ નજીક પોતાના ચાર હથિયારબંધ કોસ્ટ ગાર્ડ જહાજો મોકલીને પરિસ્થિતિને વધુ જટિલ બનાવી દીધી. આ ટાપુઓ પર નિયંત્રણ જાપાનનું છે, જોકે ચીન તેને પોતાનો પ્રદેશ માને છે. જાપાને પરિસ્થિતિને હળવી કરવાના પ્રયાસો શરૂ કર્યા છે. આ માટે, જાપાનના વિદેશ મંત્રાલયના અધિકારી મસાઆકી કનાઈ બેઈજિંગ ગયા છે. તેઓ ચીનને ખાતરી આપી રહ્યા છે કે જાપાનની સુરક્ષા નીતિમાં કોઈ બદલાવ આવ્યો નથી અને વડાપ્રધાન તાકાઇચીનું નિવેદન યુદ્ધની ચેતવણી નહોતું.

# દુબઈ એર શોમાં IAF વિમાનો ધૂમ મચાવશે



દુબઈ,

વાયુસેનાના વાઇસ ચીફ એર માર્શલ નર્મદેશ્વર તિવારીએ દુબઈ એર શો ૨૦૨૫માં તેજસ વિમાનમાં વિદેશી ખરીદદારો તરફથી મજબૂત રસની આશા વ્યક્ત કરી. તેણે કહ્યું કે તેજસ અને સૂર્યકિરણ એરોબેટિક્સ ટીમ ેંછઈની વિનંતી પર મોકલવામાં આવી હતી. ભારતીય વાયુસેના આશરે ૨૦૦ તેજસ વિમાનો ખરીદી રહી છે,

વાયુસેનાના વાઇસ ચીફ એર માર્શલ નર્મદેશ્વર તિવારીએ સોમવારે આશા વ્યક્ત કરી હતી કે વિદેશી ખરીદદારો દુબઈ એર શો ૨૦૨૫માં તેજસ હળવા લડાયક વિમાનમાં મજબૂત રસ દાખવશે.

આ એર શો ૧૭ થી ૨૧ નવેમ્બર દરમિયાન અલ મક્તૂમ એરપોર્ટ પર યોજાઈ રહ્યો છે. ઈન્ડિયા પેવેલિયન માં બોલતા, એર માર્શલ તિવારીએ જણાવ્યું હતું કે આ એર શોમાં ભારતની ભાગીદારી બંને દેશો વચ્ચે અનેક સ્તરે વધતા સંરક્ષણ સહયોગને પ્રતિબિંબિત કરે છે.

તેણે સમજાવ્યું કે તેજસ અને સૂર્યકિરણ એરોબેટિક્સ ટીમનેં છઈના અધિકારીઓની વિનંતી પર અહીં મોકલવામાં આવી હતી. અમારો તેમની સાથે વ્યૂહાત્મક અને સેવા સ્તરે ખૂબ સારો સહયોગ છે. તેજસે અગાઉ પણ અહીં મુલાકાત લીધી છે અને ભાગ લીધો છે. જાહેર રસ જબરદસ્ત હતો. અમને આશા છે કે આ વર્ષનું પ્રદર્શન ફક્ત સ્થાનિક વસ્તી જ નહીં પરંતુ મુલાકાતીઓની પણ ઉચ્ચ અપેક્ષાઓ પર ખરું ઉતરશે.

ડેપ્યુટી ચીફે કહ્યું કે ભારતીય વાયુસેના લગભગ ૨૦૦ તેજસ વિમાન ખરીદી રહી છે અને આટલી મોટી સંખ્યામાં વિમાનોની ભાગીદારી આંતરરાષ્ટ્રીય ભાગીદારોને એક મજબૂત સંદેશ આપે છે. તેમને વિશ્વાસ છે કે આનાથી અહીં પણ નોંધપાત્ર રસ પેદા થશે.

# પ્રખ્યાત ગાયક હ્યુમન સાગરનું ૩૬ વર્ષની વયે અવસાન



ઓડિશા,

બોલાંગીર જિલ્લાના તિતલાગઢમાં જન્મેલા અને દેશ દુનિયામાં જેમણે તેમની આગવી શૈલીમાં ગીતો ગાઈને લોકોના દિલોમાં સ્થાન બનાવ્યું હતું એવા પ્રખ્યાત ગાયક હ્યુમન સાગરનું ૩૬ વર્ષની વયે અવસાન થયું છે.

ઓડિશાના લોકપ્રિય ગાયક હ્યુમન સાગર જે તેમની અનોખી ગાયકી શૈલી માટે દુનિયા ભરમાં જાણીતા બન્યા હતા તેમનું સોમવારે ભુવનેશ્વરમાં ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ ખાતે સારવાર દરમિયાન અવસાન થયું છે.ભુવનેશ્વરમાં ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ ખાતે સારવાર દરમિયાન ભરતી થયેલા લોકપ્રિય ગાયક હ્યુમન સાગરના મૃત્યુનું કારણ સામે આવ્યું છે, જેમાં સાગર ન્યુમોનિયા, એક્યુટ ઓન ક્રોનિક લિવર ફેલ્યોર, મલ્ટી-ઓર્ગન ડિસફંક્શન સિન્ડ્રોમ જેવી ગંભીર સમસ્યાઓથી પીડાઈ રહ્યા હતા. નિદાન થયા બાદ પ્રીમિયર હેલ્થ સેન્ટરમાં તેમને દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં તેમણે સોમવારે રાત્રે ૯:૦૮ વાગ્યે અંતિમ શ્વાસ લીધા.

ઓડિશાના લોકપ્રિય ગાયક હ્યુમન સાગરનું અંગત જીવન પણ કષ્ટદાયક રહ્યું હતું. વર્ષ ૨૦૨૩માં , તેમની પત્નીએ તેમના પર ઘરેલુ હિંસા, દહેજની માંગણીઓ અને ધાર્મિક દબાણનો આરોપ લગાવ્યો હતો જે બાદ આ સમગ્ર મામલાએ સમાચાર પત્રો અને મીડિયામાં મોટું તૂત પકડી લીધું હતું જેના કારણે તેમના પર કાનૂની કાર્યવાહી પણ થઈ અને જાહેર તપાસ થઈ હતી જેના કારણે તેમની ગાયક તરીકેની છબી પર મોટી અસર પડી હતી.

મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ સાગરના અકાળ અવસાન પર શોક વ્યક્ત કર્યો. તેમના શોક સંદેશમાં, મુખ્યમંત્રી માંઝીએ કહ્યું, ×પ્રખ્યાત પ્લેબેક ગાયક હુમેન સાગરના અવસાનના સમાચાર સાંભળીને મને ખૂબ દુ:ખ થયું છે. તેમનું મૃત્યુ આપણા સંગીત અને સિનેમા માટે એક અપૂર્ણ નુકસાન છે. હું શોકગ્રસ્ત પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરું છું અને દિવંગત આત્માની શાંતિ માટે ભગવાનને પ્રાર્થના કરું છું. ઓમ શાંતિ.×

# ઉત્તર પ્રદેશના કાનપુરમાં ભયંકર અકસ્માત થયો



ઉત્તર પ્રદેશ,

ઉત્તર પ્રદેશના કાનપુરમાં મંગળવારે વહેલી સવારે જોરદાર અકસ્માત થવા પામ્યો છે. મળતી જાણકારી પ્રમાણે, એક ડબલ ડેકર બસ પલટી જવાથી અત્યાર સુધીમાં ૩ લોકોના મોત નીપજ્યા છે. આ ઘટનામાં ૨૦થી વધુ લોકો ઘાયલ થયા છે. જેઓને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ ઘટના આગ્રા એક્સપ્રેસ વે પર બનવા પામી છે.અત્યાર સુધીમાં મળતી માહિતી પ્રમાણે, જે બસ કાનપુરમાં આગ્રા એક્સપ્રેસ વે પર દુર્ઘટનાનો શિકાર બની છે તે બસ દિલ્હીથી બિહાર જઇ રહી તી. મંગળ વારે સવારે આ બસ દુર્ઘટનાનો શિકાર થઇ છે. આ ઘટનામાં ૨૦થી પણ વધારે લોકો ઘાયલ થયા છે. ઘાયલોને સારવાર અર્થે કાનપુર રિફર કરવામાં આવ્યા છે.આ ઘટના કાનપુરના અરોલ પોલીસ વિસ્તારમાં થવા પામી છે. આ ઘટનામાં યાત્રીઓ સીટ વચ્ચે ફસાઇ ગયા હતા. આ સિવાય ૧૦૦ મીટર સુધી બસના કાચ અને પાર્ટ્સ વિખરાયેલા જોવા મળ્યા હતા. સીટો વચ્ચે ફસાયેલા યાત્રીઓએ બૂમા બૂમ કરી હતી.અફરા તફરી વચ્ચે પોલીસની ટીમ ઘટના સ્થળ પર પહોચી અને ફસાયેલા યાત્રીઓને સીટ વચ્ચેથી કાપીને બહાર નિકાળવામાં આવ્યા છે.

# બેંગ્લુરુની મહિલાને ડિજિટલ અરેસ્ટ કરીને ૩૨ કરોડની છેતરપિંડી

બેંગ્લુરુ,

બેંગ્લુરુમાં ૫૭ વર્ષની એક સોફ્ટવેર એન્જિનિયર મહિલાને ૬ માસ સુધી ડિજિટલ અરેસ્ટ કરીને સાઈબર ગુનેગારોના એક ગ્રુપે ૩૨ કરોડ રૂપિયા તફડાવી લીધા હતા. સાઈબર ગુનેગારોએ પોતાની ઓળખ સીબીઆઈ અધિકારીઓના રૂપમાં આપી હતી. બેંગ્લુરુની ૫૭ વર્ષની મહિલાએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે ગત વર્ષે મહિલા સાથે ૩૨ કરોડનો સાઈબર ફ્રોડ થયો હતો. સોફ્ટવેર એન્જિનિયર મહિલાને સીબીઆઈ અધિકારીઓના રૂપમાં પોતાની ઓળખ આપીને સાઈબર ગુનેગારોએ વિવિધ ધમકી આપી હતી. મહિલાને છ-છ મહિના સુધી વીડિયો કોલના માધ્યમથી ડિજિટલ અરેસ્ટ રાખી હતી.મહિલાને સતત કહેવાયું કે તે જો સીબીઆઈની તપાસમાં સહયોગ નહીં આપે તો તેના દીકરા સહિત પરિવારના સભ્યો પર ગુનો દાખલ કરવામાં આવશે.છ-છ મહિના ડિજિટલ અરેસ્ટ રહેલી મહિલાએ તેમની બધી જ બેંકની વિગતો આપી દીધી હતી. એ પછી સીબીઆઈ અધિકારીઓના સ્વાંગમાં સાઈબર ગુનેગારોએ એક-બે નહીં, ૧૮૭ ટ્રાન્ઝેક્શન્સ કર્યા હતા. આ તમામ ટ્રાન્ઝેક્શન્સમાં ૩૧.૮૩ કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ હતી.

છ મહિના સુધી ડિજિટલ અરેસ્ટ રહેલી મહિલાને આખરે આટલી છેતરપિંડી પછી સીબીઆઈ અધિકારીઓના સ્વાંગમાં રહેલા સાઈબર ગુનેગારોએ ક્લિયરન્સ સર્ટિફિકેટ આપી દીધું હતું. પછીથી મહિલાને પોતાની ભૂલ સમજાઈ હતી કે તેની સાથે ડિજિટલ અરેસ્ટના નામે છેતરપિંડી થઈ છે. મહિલાએ કરેલી ફરિયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

# ED દ્વારા અલફલાહ યુનિવર્સિટી ખાતે દરોડા પાડવામાં આવ્યા

નવીદિલ્હી,તા.૧૮

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ મંગળવારે સવારે (૧૮ નવેમ્બર) દિલ્હીના ઓખલામાં અલ-ફલાહ ટ્રસ્ટ અને ફરીદાબાદમાં અલ-ફલાહ યુનિવર્સિટી સાથે જોડાયેલા ૨૪ સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ દરોડા મની લોન્ડરિંગ (PMLA) કેસ હેઠળ પાડવામાં આવ્યા હતા. તપાસ એજન્સીને શંકા છે કે યુનિવર્સિટી અને તેના સંકળાયેલા માલિકો અને મેનેજમેન્ટે મોટા પાયે નાણાકીય ગેરરીતિઓ કરી છે. તેથી ટીમ તે સ્થળોએ દસ્તાવેજો અને ડિજિટલ પુરાવા શોધી રહી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર ED એ મંગળવારે સવારે અનેક સ્થળોએ એક સાથે દરોડા પાડ્યા હતા

જેમાં ઓખલામાં અલ-ફલાહ ટ્રસ્ટના મુખ્ય કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ અને મેનેજમેન્ટ સાથે સંકળાયેલા વ્યક્તિઓના ખાનગી ઘરોનો સમાવેશ થાય છે. વહેલી સવારથી જ દિલ્હીના જામિયા નગર અને ઓખલા વિહારથી લઈને ફરીદાબાદના સેક્ટર ૨૨માં યુનિવર્સિટી કેમ્પસ સુધી EDની ઘણી ટીમો તૈનાત કરવામાં આવી છે.

થોડા મહિના પહેલા, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ અલ-ફલાહ યુનિવર્સિટી અને તેના ડિરેક્ટરો સામે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ કેસ નોંધ્યો હતો. તેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે યુનિવર્સિટીના નામે કરોડો રૂપિયા ગેરકાયદેસર રીતે ભંડોળ પૂરું પાડવામાં આવ્યું હતું અને ટ્રસ્ટ, વિદેશી દાન નિયમો (FCRA)નું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું અને સંપત્તિના દુરુપયોગ દ્વારા કાળા નાણાંને ધોળા કરવામાં આવ્યા હતા.




# સાઉદીમાં બસ દુર્ઘટનામાં ૪૫ ભારતીયો બળીને ખાખ

નવી દિલ્હી,

સાઉદી અરબિમાં મક્કાથી મદીના જઈ રહેલી બસ ડીઝલ ટેક્કર સાથે અથડાતા સર્જાયેલી દુર્ઘટનામાં ૨૦ મહિલાઓ અને ૧૧બાળકો તથા બે સાઉદી નાગરિકો સહિત સહિત ૪૫ ભારતીયોના મોત થયા છે. બસમાં કુલ ૫૪ મુસાફરો સવાર હતા. ફક્ત એક જ વ્યક્તિ જીવિત બચ્યો હોવાનું કહેવાય છે. મૃત્યુ પામેલા ભારતીયો તેલંગણાના રહેવાસી હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વિદેશપ્રધાન એસ જયશંકરે આ ઘટના અંગે તરત જ દિલસોજી વ્યક્ત કરી હતી.

સ્થાનિક અધિકારીઓએ તરત જ બચાવકાર્ય શરૂ કર્યું, પરંતુ ડીઝલ ટેક્કર સાથે બસ અથડાઈ હોવાથી આગે વાયુવેગે બસને આગની લપેટમાં લઈ લીધી હતી. તેના કારણે બસમાં બેઠેલા પ્રવાસીઓને બહાર નીકળવાની પણ તક મળી ન હતી. બપોરે દોઢ વાગે બનેલી આ દુર્ઘટનાના પગલે ભારતીય રાજદૂતાવાસની ટુકડી તરત જ અકસ્માત સ્થળે પહોંચી ગઈ હતી અને સ્થિતિની સમીક્ષા કરી હતી.

જો કે તેમણે કોઈ આંકડો આપવાનો ઈન્કાર કર્યો હતો, પરંતુ જણાવ્યું હતું કે મૃતકોની ઓળખ ચાલી રહી છે. જેદ્દાહ ખાતેના ભારતીય રાજદૂતાવાસે આ માટે ૨૪ કલાક કામ કરતો કંટ્રોલ રૂમ સ્થાપ્યો છે. આ બનાવને લઈને ભારતનું વિદેશ મંત્રાલય અને સાઉદી અરેબિયાની સરકાર ગાઢ સંપર્કમાં છે. મદીના ખાતેના ભારતીય રાજદૂતાવાસે જણાવ્યું હતું કે ભારતીય રાજદૂતાવાસ સાઉદી હજ અને ઉમરાહ મંત્રાલય તથા સ્થાનિક સત્તાવાળાઓના સંપર્કમાં છે. આ ઉપરાંત તેઓ ઉમરાહ ઓપરેટરોના સંપર્કમાં પણ છે.

આ ઉપરાંત કોન્સ્યુલેટની ટીમની સાથે ભારતીય સમુદાયના સ્વયંસેવકોએ વિવિધ હોસ્પિટલો અને સ્થાનિક સત્તાવાળાઓની મુલાકાત લીધી છે. તેલંગણા સરકારે આ બનાવના પગલે લઘુમતી કલ્યાણ પ્રધાન મોહમ્મદ અઝહરુદ્દીનની આગેવાની હેઠળની ટીમ સાઉદી અરેબિયા મોકલવાનો નિર્ણય લીધો છે. બસ દુર્ઘટનાના પગલે ચાલતા રાહત અને બચાવ કાર્યમાં સંકલન સાધવા માટે આ પગલું લેવામાં આવનાર છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO:- 364**
વિષય:- પિતાનો છાંયો, પડછાયો
શીર્ષક:- પિતાનું વાત્સલ્ય
પ્રકાર:-પદ્ય શબ્દો:- ૧૦૦

પિતાનો છાંયો સતત બની રહે છે સંતાનોનો પડછાયો,
"હ્લટ્ટંરીર્" બની રહે છે પરિવારનું "હ્લીટ્ટંરીર્"- આ ના સમજાયું ?

માતાની મમતા ને પિતાના વાત્સલ્યની ના કોઈ જોડ રે,
મા યશોદા બની રહે છે ને પિતાજી બની રહે છે વસુદેવ બેજોડ રે,
સંતાનોનાં સુખની ખાતર ત્યજે છે પોતાનાં સુખનો છાંયો.

મા સંસારના રીત - રિવાજ શીખવે તો પિતાજી શીખવે છે વ્યવહાર,
જીવનનાં હર સંકટ સમયે બની રહે છે આપણાં તારણહાર,
પિતાનો પરિશ્રમ તો આપણા જીવનમાં ખુશીઓ છે લાયો.

પિતાજી ભાવિ જીવનની દશા ને દિશાના છે માર્ગદર્શક,
તો માતા પારિવારિક જીવનની દિશાનાં છે શુભચિંતક,
"પંકજ"- બાપુજી, પિતાજી,પપ્પા, ડેડી - જેવાં નામોથી છે શોભાયા."
મનસુખભાઈ એચ.મકવાણા, પંકજ જરીવાલા ( ઉપલેટા )
★★★★★★

**NOG SS NO- 162**
વિષય- પિતાનો છાંયો, પડછાયો
શીર્ષક- મારા પિતા જેવું કોઈ નહિ
પ્રકાર- ગધ - શબ્દ- ૧૧૧

જ્ઞાનના ભંડાર એવા મારા પિતા મારી જિંદગીમાં જાજેરુ માન ધરાવતા હોય તો તે મારા પિતા જેવું કોઈ નહી

શીતળ છાંયે બેસાડી પોતે તપતા રે પિતા મારી છત્રછાયા અને મારા સુખનું સરનામુ મારા પિતા જેવું કોઈ નહી

ન રાખતા ભેદભાવ કદી દિકરા દીકરી નો કદી ન મારે તાળુ પપ્પા તમને દરિયો કહું કે કહું ગમતીલુ વાદળ મારા પિતા જેવું કોઈ નહિ

આપણા બધા દુ:ખ પોતે સહન કરી લે છે એવી જીવતી જાગતી પ્રતિમા ને આપણે પિતા કહીએ છીએ મારા પિતા જેવું કોઈ નહિ

શિયાળે ધૂજતા ઉનાળે તપતા ચોમાસે ભીંજાતા મહેનત ખૂબ કરી કદી ન માગ્યો વેદનાનો ટેકો મારા પિતા જેવું કોઈ નહી

સંઘર્ષ નો અર્થ પોતાના પિતા પાસે થી શીખો અને સમાજો તેમના આશીર્વાદ થી જ આપણને દરેક ક્ષેત્રમાં સફળતા મળે છે

પિતા ના દરેક નાના મોટા કામ દોડી ને કરતા હમેશા તેમની લાકડી થઈને પડછાયો બનીને રહેતા.
ભારે શબ્દો નું માન ધરાવતુ એટલે
“ બાપ “

રેખા રસિક નાકરાણી ( મુંબઈ)
★★★★★★★

**NOGSS NO :158**
વિષય: પિતાનો છાંયો-પડ?છાંયો
શીર્ષક: મારું સર્વસ્વ મારા પિતા
પ્રકાર : પદ્ય શબ્દો:૧૧૮

મારા પુરાં કરવાં અરમાન ટાળ્યાં પોતા તણાં અરમાન,
મારા માટે હતાં ફરિશ્તા મારું માન મારા પિતા.

મને છાંયામાં રાખતાં પોતે તડકામાં ઉભા રે’તા,
ક્રોધમાંયે સુવાસ જીવન તણો શણગાર પિતા.

પાઈ પાઈ ભેગી કરતાં મારી ખુશી ખરીદતાં,
મારા સપના જોયાં મારા જીવનદાતા પિતા.

પરવા ન કરી પોતાની મારા સપના સજાવતા,
પરિવારની કરે ચિંતા મારું સર્વસ્વ મારા પિતા.

આંખોમાં ઊંઘ ઘણી ચિંતામાં જોયા જાગતાં,
ઘરનું અસ્તિત્વ આશાનું કિરણ મારા પિતા?.

હોય તકલીફ એકલા લડ્યા હતાં હિંમતભેર,
પરિવાર સાથે રે’તા નરમાં નારાયણ મારા પિતા.

ચહેરા પર થાક વર્તાતો મારી ખુશીમાં ખુશ થતાં, ’પ્રેમ’ તપતો સૂરજ રોશન કરીશ નામ પિતા.

શ્રી પાલજીભાઈ વી રાઠોડ ’પ્રેમ’
( આદરીયાણા-
સુરેન્દ્રનગર)
★★★★★★

**NOG.ss No. 213**
વિષય :- ’પિતાનો છાંયો, પડછાયો’
શીર્ષક :- ‘શૈશવના સ્મરણ’
પ્રકાર :- પદ્ય, હરિગીત છંદ (શબ્દો :-૧૦૧)

આ બગીચો ખીલી ઉઠે છે પિતૃ કેરા પ્રેમથી,
મુજ પિતા છે પુણ્યશાલી કર્મ તે અદ્ભૂત છે.

અમ સહોદર સાથ રહેતા શિર પર તેનો હાથ છે,
બાળપણના સ્વપ્ર દ્રષ્ટા મુજ પિતા અદ્ભૂત છે.

અમ ભાઈ-બહેનો સાથમાં ને સ્નેહ રે’તો ભાવથી,
મુજ નાનાસા ઉપવનસમુ તે ઘર પણ અદ્ભૂત છે.

પ્રગટ રહેતી પ્રાર્થના તે પિતૃ ભાવ ભક્તિ ભરી,
તેની આંખે હંસતા, ડરતા તે પિતા અદ્ભૂત છે.

જીવન ઘડતર કરી અમારું, મોટા કીધા આપને,
ઉપકાર તેના અનેક રહેતા, વાત તે અદ્ભૂત છે.

ઊંચું કોણ આકાશથી ? તે ‘સ્વજન’ પૂછે આપને,
સમય વેણે વૃધ્ધ થયા પણ તેનો પ્રેમ અદ્ભૂત છે.
(કવિ શ્રી યોગેશભાઈ પંડયા ‘સ્વજન’ જુનાગઢ)
★★★★★★★

**: NOG SS no 387**
વિષય:પિતા નો છાંયો, પડછાયો
શિર્ષેક:સો ટકા -આર્થિક છત્રી
પ્રકાર:ગધ, શબ્દો: ૨૬૯

બાળક ને જન્મતા ની સાથે જ ખોળો+ખભા ની જરૂર (માબાપ) આજીવન રહે છે.પિતા નું છત્ર મેં ખૂબ નાની વયે અચાનક જ ગુમાવ્યું! જાણે આભ ફાટ્યું!!એ મુશ્કેલ પરિસ્થિતિ ને વર્ણવા શબ્દો પણ ટૂંકા પડે.પણ મારા પિતા એ ટૂંકી આવરદા માં "ગુડવીલ"મોટી ઊભી કરેલી,એ અમને અમારા સંઘર્ષ મય જીવન માં કામ લાગી.ને મને આનંદ ફિલ્મ નો ડાયલોગ યાદ આવી ગયો કે
"જીન્દગી લંબી નહીં, બડી હોની ચાહીએ!!"
મારા પિતા ના જીવનના ઘણાં સદ્ ગુણ મારા જીવનમાં હું ઉતારી શકી છું તેનો મને આનંદ અને ગર્વ છે. જેમ કે પરોપકારી સ્વભાવ, ગાર્ડનીગ નો શોખ, કોઈ પણ એક શોખ તો નીજી જીવનમાં કેળવવો જોઈએ,તનમન ની તંદુરસ્તી જાળવી રાખીને ક્વોલિટી વાળું જીવન જીવવું.
"જો હૈ સમા, કલ હો ન હો".
"લાજવાબ ફિલ્મ મધર ઈન્ડિયા" માં પણ હુબહુ બતાવ્યું છે કે માથે છત્ર ન હોય તો એકલી સ્ત્રી ને ડબલ રોલ નિભાવવો કેટલો કઠિન હોય છે.
જે પિતા પોતાના બાળકો માટે બહાર ના જગત નો અસહ્ય તાપ વેઠીને આર્થિક સુરક્ષા આપે છે.તે દરેક પિતા ને મારા સાદર પ્રણામ.
મને ખૂબ પ્રિય ગીત લખ્યાં વિના નહીં રહી શકું.
વહાલ નો દરિયો છે તું ને,
તું છલકાતો જાય છે
લાગણી ઘેરાય છે ને તું વરસતો જાય છે
તૂટી ને હું વિખરાવુ પણ સપનાં ઓ તારા તૂટે નહીં ,
મારા શ્ર્વાસ ખૂટી જાય પણ કદી સ્મિત તારું ખૂટે નહીં
પા પા પગલી તે કીધી ઝાલી ને મારો હાથ ,
જીવ ની ઢગલી મેં આખી રાખી છે તારે કાજ .
ઓ...ઓ..મારા વા’લા
મારી જીન્દગી આખી ગણી બસ તું જ પૂંજી છે ખરી.ઓ...ઓ..મારા વા’લા
પા પા પગલી તે કીધી ઝાલી ને મારો હાથ
પુનિતા બેન -અમદાવાદ.
★★★★★★

**NOGSS NO: 282**
વિષય: પિતાનો છાંયો- પડછાયો
શીર્ષક: પિતૃત્વ
પ્રકાર: ગદ્ય શબ્દો:૧૪૨

નાનકડા ગામમાં રહેતા વિભોર અને અંશિકા થોડાં મહિના પહેલા જ મુંબઈ આવ્યા હતાં.મેટ્રો સીટી મુંબઈમાં રોટલો મળવો સહેલો છે પણ ઓટલો મળવો અઘરો, એ જાણતા વિભોરે ભાડાનું ઘર લઈ લીધું હતું.

"અંશિકા, આજે મારે ઓફિસથી આવતા મોડું થશે. જમવા માટે મારી રાહ ના જોઈશ " કહેતા વિભોરે નજર કરી તો અંશિકા તેમનાં દોઢ વર્ષના બાળક વિવાન સાથે રમવામાં મશગુલ હતી.

પત્તાનું ઘર બનાવી રહેલી અંશિકાના ચહેરા પર બાળક જેવી નિર્દોષતા છવાયેલી હતી.વિવાન તેને કૂતુહલતાપૂર્વક જોઈ રહ્યો હતો.

અંશિકાએ છેલ્લું પત્તુ ગોઠવ્યું.આખું ઘર બની ગયેલું જોઈને વિવાન નાની નાની હથેળીઓથી તાળી પાડી ખિલખિલાટ હસી ઊઠ્યો. તે જોઈને અંશિકાનું મુખ પણ હાસ્યથી દૈદીપ્યમાન થઈ ઊઠ્યું.

આ દ્રશ્ય જોઈને અંશિકા અને વિવાનની નિર્દોષ રમતમાં ભાગીદાર થવાની પ્રબળ ઈચ્છા અંકુશમાં કરીને વિભોરે ઓફિસ તરફ પ્રયાણ કર્યુ.

વિભોરે તો વિવાન માટે પત્તાનું નહીં.
ભાડાનું પણ નહીં.
પરંતુ, વિવાનની માલિકી હોય તેવું ઘર બનાવવાનું હતું.
ઈશ્વરી ડૉક્ટર "ઈશ" (અમદાવાદ)
★★★★★★

**NOGSS NO: 382**
? વિષય " પિતાનો છાંયો- પડછાયો’’
પ્રકાર- પદ્ય. શબ્દ- ૯૫
શીર્ષક- પિતા તમે તો જીવનભાષા...
કહું મોભી કે કહું સંસારનો વડલો
હૂંફ તમારી જાણે લહેરાતો દરિયો

તમે શ્રીફળસા છો પિતાશ્રી, સૂરજ સમ દીઠી શાખ તમારી,
કંટકમાં પુષ્પ થઈ ખીલવાની, અડગ મનોબળ વાત દિલેરી

પિતા તમે તો જીવન ભાષા
પુસ્તક પ્રેમી વડલા છાયા

ગ્રામ્ય સંસ્કૃતિ, શૈશવની શેરી, યાદ કરું રૂઆબી પિતા દરબારી
દેવે દીધું
આભાર - નિહારીકા રવિયા સંસારે અમૂલ્ય નજરાણું, ખભો ગુરુપદી સિંહાસન સવારી.

સંતાન પ્રગતિ ગૌરવ ગાણું,
ભીતર ઝગે પૂનમ અજવાળું,

ચરણ વંદના કરતાં હું સ્મરું, જીવન જીવી ગયા તમે રે હીરલું,
ઋણ તમારા સવા સવૈયા,’ આકાશદીપ’ ઝીલે સ્નેહલ ઝરણું(૨)

રમેશ પટેલ(આકાશદીપ)
★★★★★★

**NOG SS NO: 334**
વિષય:-પિતાનો છાંયો, પડછાયો
શીર્ષક:- સ્મરણો ભીનાં
પ્રકાર:-પદ્ય શબ્દો:-૬૮

સ્નેહભીનાં સ્મરણો પિતાજી મીઠી તમ છાંયડી,
સંસ્કાર સિંચન કરતાં, ઠરતી તમારી આંતરડી.

પકડી આંગળી મારી,પા પા પગલી ભરાવતા,
દિનરાત મહેનત કરી,સાંજે કરતા તમે ગોઠડી.

લાખ આવે વિપત્તિઓ તોય પીછેહઠ ના કરતા,
લાડ લડાવી ઉછેરતા,વળી કરતા મધુરી પ્રીતડી.

સંતાનોની મૂંઝવણમાં હરપળ ઓથ બની રહેતા,
ધન્ય પિતાજી યાદ આવતાં ,રડે મારી આંખલડી.

ભણાવી ગણાવી મોટા કર્યા,સ્નેહ વરસે આંખથી,
ઉપકાર આપના કેમ ભૂલું! વંદન કરું તવ ચાખડી.

મહેશભાઈ રાઠોડ ’ સ્નેહદીપ’ (હિંમતનગર)
★★★★★★★

**NOGSS - 209**
વિષય- પિતાનો છાંયો - પડછાયો
પ્રકાર- પદ્ય અછાંદસ
શબ્દો- ૧૩૫ શિર્ષક અમર જોડી.

પિતા છાંયો,સંતાન પિતાનો છે પડછાયો
એકબીજાનાં સંગાથી,ન છૂટે સાથ પ્રેમનો

રહેતાં પિતા હયાત,સંતાનનાં વહેતાં લોહીમાં
આદતો,સ્વભાવ પિતાનો,રહે સદા સંતાનમાં

વારસો જળવાતો લોહીનો,પરસ્પરનાં સ્નેહમાં
કુળગોત્રનું છે સ્થાન,રહે જીવંત સદા સંતાનમાં

વંશ વેલો વધે પિતાનો,સંતાનો થકી ન પડે જુદાં કદી
એક છાંયો બીજો પડછાયો,ન તૂટે જોડી રહે સદા સંગ જોડી.
‘સ્વધા’પિતા છે છાંયા,સંતાન છે પડછાયા,સંસારની અમર જોડી,
જ્યાં વસે છાયા,પડછાયા રહે સંગમાં,ન તોડી તૂટે કદી

સુધા જે. પુરોહિત સ્વધા
હોનોલુલૂ અમેરિકા

### ડાંગ જિલ્લા માર્ગ અને મકાન વિભાગ રાજ્ય લોકોની સલામતી માટે સજજ અને સજાગ :

# વઘઇ- આહવા રાજ્યધોરી માર્ગ ઉપર પ્રોટેક્શન વોલ, આર. સી. સી. ગટરની કામગીરી હાલ પ્રગતિ હેઠળ :



આહવા : તાઃ ૧૯ : માર્ગ સલામતી જળવાઈ રહે તે માટે ડાંગ જિલ્લાના મુખ્ય માર્ગ વઘઇ-આહવા રાજયધોરી માર્ગ ઉપર હાલ પ્રોટેક્શન વોલ, આર. સી. સી. ગટરની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. માર્ગ અને મકાન વિભાગ (રાજય) હસ્તકનો વઘઇ- આહવા રસ્તો જે તાપી જિલ્લા, નવસારી જિલ્લાને ડાંગ જિલ્લા સાથે જોડતો અગત્યનો રાજયધોરી માર્ગ છે. આ રસ્તો હિલી ટેરેઇનમાંથી પસાર થતો હોય મુખ્યત્વે વળાંક વાળો તથા ઘાટ સેકશનનો રસ્તો છે. ડાંગ જિલ્લામાં ચોમાસાની ઋતુમાં ભારે વરસાદ પડતો હોય ક્યાંક સાઇડ સોલ્ડરનું ધોવણ તેમજ લેન્ડ સ્લાઇડ થતું હોય છે. જેના કારણે વઘઇ- આહવા રસ્તા ઉપર પ્રોટેક્શન વોલ, આર. સી. સી. ગટરની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. જેની કામગીરી ડાંગ જિલ્લા માર્ગ અને મકાન વિભાગના અધિકારીશ્રીઓ દ્વારા ગુણવત્તા યુક્ત અને સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવામાં આવશે તેમજ ડાંગ જિલ્લા માર્ગ અને મકાન વિભાગ રાજ્ય લોકોની સલામતી માટે હંમેશા સજ્જ અને સજાગ છે.










સરદાર સાહેબ જ૧૫૦ યુનિટી માર્ચ એલિસબ્રિજ વિધાનસભા શાંતિવન થી સરદાર સાહેબની પાલડી ખાતે ની પ્રતિમા સુધી યાત્રા તથા જાહેર સભા શાંતિવન ખાતે યોજાઇ.

સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણાજી , વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય શ્રી અમિતભાઈ શાહજી, સાથે રામજી મંદિર ના મહંત શ્રી, પૂર્વ ધારાસભ્ય શ્રી રાકેશભાઈ શાહ, કાઉન્સિલર શ્રી પ્રીતેશભાઈ મેહતા,જૈનિકભાઇ વકીલ,પૂજાબેન દવે,ચેતનાબેન પટેલ, સ્કૂલ બોર્ડ ચેરમેન સુજયભાઈ મહેતા, શહેર મંત્રી શ્રી નંદિનીબેન પંડ્યા, વોર્ડ સંગઠનના સાથી કાર્યકર્તા શ્રીઓ, સ્થાનિક નાગરિક ભાઈ બહેનો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને કાર્યક્રમ ની શોભા વધારી હતી.

# શ્રી રાષ્ટ્રીય કેળવણી મંડળ,બોરસદ સંચાલિત શ્રી ઉત્તર બુનિયાદી વિદ્યાલય,ડાકોરમાં QDC કક્ષાનો કલા મહોત્સવ યોજાયો




ઉત્તર બુનિયાદી વિદ્યાલય,ડાકોરમાં કલા મહોત્સવમાં ઉદ્ઘાટક તરીકે લાયન્સ ક્લબ ઓફ,ડાકોર પીલગ્રીમના પ્રમુખશ્રી ડો.યોગેશભાઈ દવે , આ વિદ્યાલયના પૂર્વ આચાર્યશ્રી તથા લાયન્સ ક્લબ ઓફ,ડાકોરના સેક્રેટરી શ્રી ડો.જયદીપસિંહજી ડાભી શ્રી યોગેશ વિદ્યાલય,વણોતીના આચાર્યશ્રી મનવીરસિંહ ચૌહાણ તથા ગુજરાત રાજ્ય પત્રકાર સંઘના ઉપપ્રમુખ શ્રી નીતિનભાઈ ખંભોળજા હાજર રહ્યા હતા. કલા મહોત્સવમાં બાળ કવિ,ચિત્રકલા તથા સંગીત વાદન અને સંગીત ગાયન જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે શ્રી દક્ષેશભાઈ દવે, શ્રી જય નારાયણ પુરોહિત,શ્રી એમ.એ.પઠાણ શ્રી વૈભવભાઈ મહેરા,અપેક્ષાબેન પટેલ, શ્રીમતી બેલાબેન શર્મા, શ્રીમતી વૈશાલીબેન મહેરા, નિરાલીબેન પંચાલ, કિરણબેન,શ્રીમતી સીમાબેન પરમાર તથા જયનાબેન રાઠોડ હાજર રહ્યા હતા.વિવિધ સ્પર્ધાઓમાં વિવિધ શાળાઓમાંથી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગમાંથી ૩૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ભાગ લેનાર તથા પ્રથમ,દ્વિતીય અને તૃતીય નંબર આવનાર તમામ વિદ્યાર્થી ભાઈ બહેનોને લાયન્સ ક્લબ ઓફ ડાકોર ના પ્રમુખશ્રી ડો. યોગેશભાઈ દવેના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે વિદ્યાલયના આચાર્ય શ્રી કે.જી.શાહે તથા શાળા પરિવારે ખૂબ જહેમત ઉઠાવી હતી.કાર્યક્રમના અંતે આભાર દર્શન શ્રી જય નારાયણ પુરોહિત દ્વારા કરવામાં આવ્યું હતું.



આજરોજ સુબીર કાંગર્યામાળ ના વન કવચ ખાતે જિલ્લા પ્રમુખશ્રી ની આગેવાનીમાં વૃક્ષારોપણ રોપણ કાર્યક્રમ થયો.જેમાં સુબીર ફોરેસ્ટ નસબ DFO, RFO સુબીર તાલુકા ના પદાધિકારીઓ, સરપંચો,આગેવાનો એ હાજરી આપી

# શુક્રવારે રાત્રે ટાઉનહોલ ખાતે "યે ખુશ્બુ હૈ ગુજરાત કી" સંગીતમય કાર્યક્રમ યોજાશે

મહાનાયક અમિતાભ બચ્ચનના લોકપ્રિય ગીતો સાથે ગુજરાતના સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરતા ગુજરાતી ગીતો અને નૃત્યો સહિતની સાંસ્કૃતિક પ્રસ્તુતિ : શહેરમાં પહેલીવાર લાઈવ પોટ્રેટ ડ્રોઈંગ જેવી ઈનોવેટીવ પ્રસ્તુતિઓ પણ રજૂ થશે

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી ગાંધીનગરની સેવાભાવી સંસ્થા હેપ્પી યુથ ફાઉન્ડેશન દ્વારા આગામી તા. ૨૧મી નવેમ્બર, શુક્રવારે રાત્રે ૮ કલાકે ટાઉન હોલ ખાતે અમિતાભ બચ્ચન ફેન ક્લબ, ગાંધીનગરના સહયોગથી ×યે ખુશ્બુ હે ગુજરાત કી× નું આયોજન કરવામાં આવ્યું છે, આ કાર્યક્રમમાં મહાનાયક અમિતાભ બચ્ચનના લોકપ્રિય ગીતો સાથે ગુજરાતના સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરતા ગુજરાતી ગીતો અને

નૃત્યો પણ હશે. આ સાથે સ્ટેજ પર સંગીત સાથે શહેરમાં પહેલીવાર લાઈવ પોટ્રેટ ડ્રોઈંગ જેવી ઈનોવેટીવ પ્રસ્તુતિઓ પણ રજૂ થશે. આ કાર્યક્રમના અધ્યક્ષ પદે ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના ધારાસભ્ય શ્રીમતિ રીટાબેન પટેલ, મુખ્ય અતિથિ પદે શ્રીમતિ મેયર મીરાબેન પટેલ, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સભ્ય સચિવ શ્રી રમેશભાઈ મેરજા, મધુર ડેરીના ચેરમેન શ્રી શંકરસિંહ રાણા અને ગુજકોસ્ટના એડવાઈઝર શ્રી ડો. નરોત્તમ સાહુ તેમજ અતિથિ વિશેષ પદે ગાંધીનગર સમાચારના તંત્રી કેતનકુમાર પટેલ, ગાંધીનગર બાર એસોસિએશનના પ્રમુખ શંકરસિંહ ગોહિલ અને ભાવડા ગ્રામ પંચાયતના સરપંચ શ્રી અનિરુદ્ધસિંહ બિહોલા ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમને માણવા હેપ્પી યુથ ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગરની સંગીતપ્રેમી જનતાને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે. કાર્યક્રમમાં પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે નિઃશુલ્ક રહેશે.

# આત્મન ફાઉન્ડેશન દ્વારા રેવા ગ્રામ સેવા સંકુલમાં ગાયત્રી યજ્ઞ, દાતા સન્માન સાથે સર્વોદય મિલન કાર્યક્રમ ઉજવાયો

ગાંધીનગર શહેરની સેવા પ્રવૃત્તિઓ કરતી જાણીતી સંસ્થા આત્મન ફાઉન્ડેશન દ્વારા અંબોડ પાસે નિર્માણ થઈ રહેલ રેવા ગ્રામમાં તાજેતરમાં એક સુંદર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગાયત્રી યજ્ઞ, દાતા સન્માન અને સર્વોદય મિલનનો કાર્યક્રમ સફળ રીતે સંપન્ન થયો હતો. કાર્યક્રમમાં મહેમાન તરીકે સર્વશ્રી દલપત પઢિયાર ( જાણીતા કવિ અને રવિ - ભાણ સંપ્રદાય ગાદીપતિ), ડાહ્યાભાઈ પટેલ ( સર્વોદય આશ્રમ, વાલમ), ઉષાબહેન પંડિત ( કેળવણીકાર, સર્વોદય કાર્યકર), સુરેશભાઈ પટેલ ( અમદાવાદ) અને ડૉ.નૈષધભાઈ પટેલ (માઢી - વિજાપુર આશ્રમ) ખાસ ઉપસ્થિત રહ્યા હતા. દલપતભાઈ પઢિયારે મનનીય વક્તવ્યમાં પોતે રવિશંકર મહારાજના ખોળે રમેલા, એવા બાળપણના સ્મરણો યાદ કરી તે સમયના ગુરુજનોની જીવન કેળવણી અંગેની નિસ્બતની વાત કરી હતી. કન્ફ્યુસિયસ અને મહાન વ્યક્તિત્વોના જીવનના ઉદાહરણો સાથે અંદરની



માનવતાની જ્યોત પ્રજ્વલિત રાખવા પ્રેરક વાતો મૂકી હતી. ડાહ્યાભાઈ પટેલે ખાદી એ માત્ર વસ્ત્ર નથી, વિચાર છે.ગ્રામ ઉત્થાન,ગ્રામ વિકાસ માટેનું એકમ છે એમ કહી સર્વના હિત માટેની શુભ લાગણી વ્યક્ત કરી હતી. ઉષાબહેન પંડિતે વર્ષો દરમ્યાનના પોતાના અનુભવોના મર્મ સાથે દીકરીઓના શિક્ષણની સાથે સર્વાંગી ઘડતરની હિમાયત, મૂલ્યોની ખેવના રજૂ કરી હતી. સુરેશભાઈ પટેલ અને નૈષધભાઈ પટેલે સંસ્થાના સેવા કાર્યો માટે આનંદ વ્યક્ત કરી શુભેચ્છા પાઠવી હતી. દલપત પઢિયારે વક્તવ્યની સાથે ભજન - ગીતની રસલ્હાણ વહેંચી હતી.

મહેમાનોના હસ્તે દાતાઓ સુરેશભાઈ પટેલ, ચારૂબેન પટેલ, ઉર્મિલાબેન પટેલ, ઉષાબેન પટેલ, નરેન્દ્રભાઈ બારોટ, જગદીશ ઉપાધ્યાય, કે.કે. પટેલ, રજનીભાઈ વગેરેનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. મહેમાનોનું શાલ, પુસ્તક, સૂતરની આંટી વડે સંસ્થા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે સંસ્થાના ટ્રસ્ટી સી. એલ. મહેતાએ સહુને આવકારી રેવા ગ્રામની રૂપરેખા આપી હતી. કાર્યક્રમનું ભાવવાહી સંચાલન ડૉ. અનિલભાઈ પટેલે સંભાળ્યું હતું. આભારવિધિ પ્રો. રાજેન્દ્રસિંહ વાઘેલાએ કરી હતી. પ્રજ્ઞા પટેલે રેવા ગ્રામની ભૂમિકા મૂકી સહુને વંદન કર્યા હતા. ગાયત્રી યજ્ઞમાં રજનીભાઈ પટેલના માર્ગદર્શનમાં ધૈવત મહેતા, ગાર્ગી મહેતાએ પૂજનવિધિ કરી હતી. આ કાર્યક્રમમાં અને આ નિમિત્તે યોજાયેલ સર્વોદય મિલનમાં જ્યોતિ હોસ્પિટલ, વિસનગરના રમણભાઈ પટેલ, ગ્રામ ભારતી સંસ્થાના નિયામક અમૃતભાઈ પટેલ અને વિસનગર, મહેસાણા, વિજાપુર, કલોલ, માણસા, ગાંધીનગર અને અમદાવાદથી બહોળી સંખ્યામાં સ્નેહીજનો, સર્વોદય કાર્યકરો, શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ નિમિત્તે દિલીપભાઈ પટેલ , પ્રો. એ .બી. પટેલ, શંકરભાઈ ચૌહાણ અને મુકેશભાઈ પરીખ તરફથી સહયોગ સૌજન્ય પ્રાપ્ત થયું હતું. કાર્યક્રમના આયોજનમાં પ્રજ્ઞાબેન પટેલ, સી.એલ. મહેતા, કનુભાઈ ચૌધરી, અનિલભાઈ પટેલ, લીનાબેન મહેતા, પ્રો. વિનિતા પટેલ વગેરે સહયોગી બન્યા હતા. મિષ્ટાન ભોજન સાથે સહુએ કાર્યક્રમને માણ્યો હતો.

# સંસ્થાન હાઇસ્કુલ ડાકોર ના સંયુક્ત ઉપક્રમે સંકુલ કક્ષાનું વિજ્ઞાન ગણિત અને પર્યાવરણ પ્રદર્શન યોજાયુ



શ્રી રણછોડરાયજી એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી સંસ્થાન હાઈસ્કુલ ડાકોરમાં તારીખ ૧૮/૧૧/૨૦૨૫ ને મંગળવારના રોજ જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન કઠલાલ,જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી નડિયાદ, ગોમતી શાળા વિકાસ સંકુલ ઠાસરા તથા શ્રી સંસ્થાન હાઈસ્કુલ ડાકોર ના સંયુક્ત ઉપક્રમે સંકુલ કક્ષાનું વિજ્ઞાન ગણિત અને પર્યાવરણ પ્રદર્શન યોજાયુ.પ્રદર્શનમાં આમંત્રિત મહેમાનોમાં ઉદ્ઘાટક પરમ પૂજ્ય મહંત શ્રી વિજયદાસજી મહારાજ( દંડી સ્વામી આશ્રમ ડાકોર), સમારંભના અધ્યક્ષ શ્રી વિપુલભાઈ શાહ (પ્રમુખશ્રી ડાકોર નગરપાલિકા), મુખ્ય મહેમાન શ્રી એમ. એ. શેખ સાહેબ (ડાયેટ કઠલાલ) અને શ્રી અલ્પેશભાઈ પટેલ સાહેબ (ઇ.આઇ. શ્રી - જી.શિ.કચેરી નડિયાદ)તથા અતિથિ વિશેષ શ્રી વિનોદભાઈ સુખડિયા સાહેબ(પ્રમુખશ્રી રામરોટી સેવા મંડળ) અને શ્રી ચેતનભાઇ ચૌહાણ (એ.ઇ.આઈ. શ્રી જી.શિ. કચેરી નડિયાદ) ઉપસ્થિત રહ્યા હતા.જેમાં ગોમતી શાળા વિકાસ સંકુલ માંથી કુલ ૩૪ કૃતિઓ ૩૩ માર્ગદર્શક શિક્ષકોએ ૬૭ બાળ વૈજ્ઞાનિકો દ્વાર રજૂ કરવામાં આવી

# વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાની અધ્યક્ષતામાં મહાનગર પરિષદની બેઠક યોજાઈ

વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાની અધ્યક્ષતામાં આજે સ્વર્ણિમ સંકૂલ, ગાંધીનગર ખાતે મહાનગર પરિષદ દ્વારા શહેરી બાગ-બગીચા અને પર્યાવરણ સુધારણા અંગેની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રીઓએ હાજર રહીને પોતાના વિસ્તારમાં કરેલી બાગ-બગીચા અને પર્યાવરણ સુધારણાની કામગીરી અંગે મંત્રીશ્રીને માહિતગાર કર્યા હતાં.

આ બેઠકમાં વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં દર વર્ષે મહાનગરપાલિકા-નગરપાલિકા અને વનવિભાગ દ્વારા વૃક્ષારોપણ તેમજ નાગરિકોમાં પર્યાવરણના જતન માટેના અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત રાજ્યનું ગ્રીન કવર વધારવા નાગરિકોની સાથે રાજ્ય સરકાર પણ પ્રો-એક્ટીવ રીતે કાર્ય કરી રહી છે. ગુજરાત સહિત સમગ્ર દેશનું ગ્રીન કવર વધારવા માટે તમામ નાગરિકોની ભાગીદારી પણ ખૂબ મહત્વની છે, તેમ તેમણે ઉમેર્યું હતું.મંત્રીશ્રીએ બેઠકમાં હાજર તમામ મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના હોદ્દેદારોને વૃક્ષોનું જતન વધુમાં વધુ કઈ રીતે કરી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. આગામી સમયમાં રાજ્ય સરકાર તમામ નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે અને રેલવે ટ્રેકની આજુ-બાજુ ખાલી







જગ્યાઓમાં પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપની મદદથી વૃક્ષારોપણ કરશે. આ ઉપરાંત ‘સ્વજન સ્મૃતિ વન’ અને ‘એક પેડ માં કે નામ’ જેવા અભિયાન દ્વારા રાજ્યના નાગરિકોમાં વૃક્ષારોપણ માટે વધુને વધુ લોક જાગૃતિ આવે તે દિશામાં કામ કરવા બેઠકમાં ઉપસ્થિત તમામ હોદ્દેદારોને મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

મંત્રીશ્રીએ સદભાવના વૃદ્ધાશ્રમની કામગીરી બિરદાવતા જણાવ્યું હતું કે, સોમનાથ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકાના નેશનલ હાઈવેની બંને બાજુએ સદભાવના એન.જી.ઓ દ્વારા વૃક્ષારોપણનું અદભૂત કામ કરવામાં આવ્યું છે. વધુમાં, આ એન.જી.ઓ દ્વારા વૃક્ષોના જતનનો દર ૧૦૦ ટકા જેટલો છે.

આ બેઠકમાં અમદાવાદના મેયર શ્રી પ્રતિભા જૈન, વડોદરાના મેયર શ્રી પિંકીબેન સોની, ડેપ્યુટી મેયરશ્રીઓ અને વિવિધ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રીઓ તેમજ મહાનગર પરિષદના અધ્યક્ષ શ્રી ભરતભાઈ ગાજીપરા સહિત પરિષદના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.